મિલમાં ગૂંગળાઈ જતાં ચાર શ્રમિકનાં મોત

પાંડેસરા જીઆઇડીસીની ન્યુ પારસ મિલમાં કેમિકલની અંડરગ્રાઉન્ડ ટાંકી સાફ કરવા ઊતરેલા યુવકો ગેસ લીકેજના શિકાર

સુરતઃ પાંડેસરા જીઆઇડીસીમાં ન્યુ પારસ ડાઈંગ મિલમાં કેમિકલની ટાંકી સાફ કરતી વેળા કેમિકલ ગેસ લીકેજથી ગૂંગળામણના કારણે ચાર શ્રમિકનાં મોત થયા છે. મૂળ બિહારના આ યુવકોને કોન્ટ્રાક્ટના આધારે બહારથી બોલાવવામાં આવ્યા હતા. ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેઓના એક પછી એક મોત થયા હતા, જેના કારણે તેમના પરિવારોમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. ચાર પૈકી મહેન્દ્રના મોત અંગે તેમના સંબધીએ પુષ્ટિ કરી હતી. જો કે પોલીસને પૂછતાં ત્રણના મોત થયા છે, એક સારવાર હેઠળ હોવાનું કહીને ચોથાના મોતની વાતને નકારી કાઢી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મૂળ બિહારના રોહતાસ જિલ્લાના વતની અને હાલ પાંડેસરા વડોદ ગામ હનુમાન મંદિર પાસે ગણેશનગરમાં રહેતા 23 વર્ષીય સોનુકુમાર ઉર્ફે ધનજંય કમલેશ પાસવાન, 20 વર્ષીય દિનુકુમાર ઉર્ફે અંકિત રવિન્દ્ર પાસવાન, 36 વર્ષીય મહેન્દ્ર મેસર પાસવાન અને 25 વર્ષીય સંદીપ સંતોષ પાસવાન ગુરુવારે રાત્રે મિલમાં કેમિકલની ટાંકી સાફ કરવા માટે પહોંચ્યા હતા. આ કામ માટે તેમને કોન્ટ્રાક્ટર દ્વારા બોલાવવામાં આવ્યા હતા. મિલમાં ટાંકીમાંથી પહેલા ઈલેક્ટ્રિક મોટરની મદદથી પાણી બહાર કાઢવામાં આવ્યું હતું. ત્યારબાદ જમા થયેલા કચરાને સાફ કરવા માટે ચારેય શ્રમિક વારાફરતી ટાંકીમાં ઉતર્યા હતા.

આ દરમિયાન, ટાંકીમાં રહેલી ગેસની પાઈપમાંથી અચાનક કેમિકલ ગેસ લીકેજ થવા લાગતા ટાંકીમાં ગેસ ફેલાઈ ગયો હતો. ગેસના પ્રભાવથી ચારેય શ્રમિકને તીવ્ર ગૂંગળામણ થઈ અને તેઓ થોડા જ સમયમાં બેભાન થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં મિલના મેન્ટેનન્સ વિભાગના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તેમને ટાંકીમાંથી બહાર કાઢી તુરંત ડીંડોલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સોનુકુમાર ઉર્ફે ધનજંયનું ગુરુવારે મોડી રાત્રે મોત થયું હતું. ત્યારબાદ શુક્રવારે સવારે દિનુકુમાર ઉર્ફે અંકિતનું મોત થયું હતું. જ્યારે સાંજે સંદીપ અને મહેન્દ્રનું પણ મોત નીપજ્યું હતું. જો કે મહેન્દ્રના મોત અંગે સંબધીઓએ જણાવ્યું હતું, પરંતુ પાંડેસરા પોલીસે આ વાતને નકારી કાઢી હતી. ઘટનાની જાણ પાંડેસરા પોલીસ સ્ટેશનને થતાં તુરંત ટીમ ઘટનાસ્થળે પહોંચી અને પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી હતી. ચારેય મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ગેસ લીકેજનું કારણ સુરક્ષામાં બેદરકારી?

પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, મૃતક યુવકો કંપનીના કાયમી કર્મચારી નહોતા, પરંતુ કોન્ટ્રાક્ટના આધારે બહારથી બોલાવાયા હતા. હાલ તપાસ ચાલુ છે, જેમાં કેમિકલ ગેસ લીકેજનું કારણ, સુરક્ષા વ્યવસ્થામાં કોઈ બેદરકારી હતી કે નહીં તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પોલીસે મિલના માલિકો અને કોન્ટ્રાક્ટરના નિવેદનો નોંધ્યા છે.

સોનુ પાસવાનના પાંચ વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા દિનુકુમારનો કાલે બર્થ-ડે

મૃતક સોનુકુમાર (ધનજંય) પાસવાન સાફ-સફાઈનું કામ કરી પત્ની, માતા-પિતા સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના પાંચ વર્ષ પહેલાં લગ્ન થયા હતા અને તેનો પરિવાર વતન બિહારમાં રહે છે. અકાળ વિયોગથી પત્ની અને પરિવાર શોકમગ્ન બન્યા છે. બીજી તરફ, દિનુકુમાર (અંકિત) અપરિણીત હતો અને તેના માતા-પિતા તથા ભાઈ-બહેન વતનમાં રહે છે, 8 માર્ચે તેનો જન્મ દિવસ છે.

સંદીપ પાસવાનના આગામી એપ્રિલમાં લગ્ન થવાના હતા

મૃતક સંદીપ સંતોષ પાસવાન પણ મજુરી કરીને પરિવારને આર્થિક મદદ કરતો હતો. તે પાંડેસરા વડોદગામના ગણેશનગરમાં વતનીઓ સાથે રહેતો હતો, જ્યારે તેનો પરિવાર બિહારમાં છે. આગામી એપ્રિલમાં તેના લગ્ન નક્કી થયા હતા અને પરિવારમાં ખુશીનો માહોલ હતો. આ દુર્ઘટનાથી તે ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. મહેન્દ્ર પાસવાનનો પણ પરિવાર વતનમાં જ છે અને તેઓને આ દુર્ઘટનાથી આઘાત લાગ્યો છે.

ચૂંટણી પહેલા શાસકો શહેરીજનો પર મહેરબાન

ખાનગી ગાર્ડન, રસ્તા અને ડ્રેનેજ મુદ્દે લ્હાણીનો વરસાદ

નાના કોમર્શિયલ એકમોને ડ્રેનેજ ચાર્જમાં રાહતના ઠરાવ કરાયા

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં વર્તમાન કોર્પોરેટરો અને શાસકોની ટર્મ પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સામે આવી રહેલી મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાને રાખીને શાસકો દ્વારા જતાં-જતાં જનતાને રીઝવવા માટે વિવિધ લોકહિતના કામોની લ્હાણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલ દ્વારા આજે ત્રણ મહત્વની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જેમાં ખાનગી સોસાયટીઓમાં વૃક્ષોના ટ્રીમિંગ અને જાહેર રસ્તા પર સુવિધા તેમજ નાના કોમર્શિયલ એકમોને ડ્રેનેજ ચાર્જમાં રાહતના ઠરાવ કરાયા છે.

એક ઠરાવ મુજબ હવે મનપાનું સફાઇ અનુદાન મેળવતી ખાનગી સોસાયટીઓમાં વૃક્ષોનું ટ્રીમિંગ સુરત મહાનગરપાલિકા દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

સામાન્ય રીતે ખાનગી સોસાયટીઓમાં રહેવાસીઓને વૃક્ષોની છંટણી માટે મોંઘા દરે કામદારો રાખવા પડતા હોય છે અને પોલપ્રુનર કે ચેઈન શો જેવા સાધનોની પણ અછત વર્તાતી હોય છે. આ સમસ્યાના ઉકેલ રૂપે શાસકોએ ચૂંટણી ટાણે જનતાની સુખાકારી અને પર્યાવરણના રક્ષણના નામે આ મફત સેવાની જાહેરાત કરીને મધ્યમ વર્ગીય મતદારોને સાધવાનો પ્રયાસ કર્યો છે.

જ્યારે અન્ય એક ઠરાવમાં નાની કોમર્શિયલ મિલકતો જેવી કે નાના પાયે ચાલતા હીરા, એમ્બ્રોઇડરી અને લૂમ્સના યુનિટો જેવી કોમર્શિયલ મિલકતોને નિયત કરાયેલા ચાર્જના માત્ર 25% રકમ વસૂલીને તેમના ગેરકાયદે ડ્રેનેજ કનેક્શન કાયદેસર કરી આપવામાં આવશે. અગાઉ રહેણાંક મિલકતમાં માત્ર 500 રૂપિયામાં ડ્રેનેજ કનેક્શન કાયદેસર કરવાનો ઠરાવ થઇ ચુક્યો છે.

ડ્રેનેજ કનેક્શનમાં કેટલી રાહત?

ટેક્સટાઈલ ફેક્ટરીઓ (લૂમ્સ/એમ્બ્રોઈડરી) અને નર્સરી માટે પ્રતિ યુનિટ 1948.00નો રાહત દર નક્કી કરાયો છે. તે જ રીતે, 25.0 સ્કે.મી સુધીના ડાયમંડ કટિંગ યુનિટ માટે 2435.00 અને 76.0થી 100.0 સ્કે.મી સુધીના યુનિટ માટે 9744.00 ચાર્જ રાખવામાં આવ્યો છે. પેટ્રોલ પંપ અને મ્યુઝિયમ જેવા એસેમ્બલી બિલ્ડિંગો (1000 સ્કે.મી સુધીના કાર્પેટ એરિયા) માટે 5846.00નો ચાર્જ નિર્ધારિત કરાયો છે. આ ઉપરાંત, હોસ્પિટલો, શાળાઓ અને ચેરિટેબલ ટ્રસ્ટો માટે 4872.00 તથા ધાર્મિક સ્થળો માટે માત્ર 974.00માં કનેક્શન કાયદેસર કરી અપાશે. નોંધનીય છે કે, આ કામગીરી દરમિયાન મિલકતદારો પાસેથી રસ્તા ખોદાણ કે રી-ઈન્સ્ટેટમેન્ટ ચાર્જ વસૂલવામાં આવશે નહીં અને જો અગાઉ આવા ચાર્જ બાકી હશે તો તે પણ માફ કરી દેવામાં આવશે. આમ, ચૂંટણીના પડઘમ વચ્ચે શાસકોએ કોમર્શિયલ મિલકતદારોને મોટી આર્થિક રાહત આપી છે.

સોસાયટીના આંતરિક રસ્તામાં ડ્રેનેજ અને COPમાં પેવર બ્લોકની સુવિધાનો માર્ગ મોકળો

શહેરના લાખો મધ્યમવર્ગીય પરિવારો જે ખાનગી સોસાયટીઓમાં રહે છે, તેમને અત્યાર સુધી માળખાકીય સુવિધાઓ માટે અનેક ટેકનિકલ અવરોધોનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે અને સ્માર્ટ સિટીના વિઝનને વધુ વેગ આપવા માટે સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ દ્વારા દરખાસ્તમાં વર્ષ 2016 (ઠરાવ નં. 910/2016, તા. 13-9-2016)ના જૂના નિયમોમાં ફેરફાર કરતો ઠરાવ કરાયો છે. જેમાં સોસાયટીઓના મંજૂર પ્લાનમાં રસ્તો દર્શાવેલ ન હોય પરંતુ વ્યવહારમાં તેનો ઉપયોગ રસ્તા કે એપ્રોચ તરીકે થતો હોય, તેને પણ સોસાયટીનો આંતરિક રસ્તો ગણી ત્યાં ડ્રેનેજ, પાણી અને રસ્તાની સુવિધાઓ આપવામાં આવશે. વધુમાં, ખાનગી સોસાયટીઓમાંથી પસાર થતા TP રોડ અથવા GPMC Act, 1949ની કલમ 205 હેઠળના જાહેર રસ્તાઓને પણ આંતરિક રસ્તા ગણી ત્યાં જનભાગીદારી હેઠળ સીસી રોડ બનાવી આપવામાં આવશે. સોસાયટીના મંજૂર પ્લાન મુજબના COP વિસ્તારમાં તેમજ પ્લાન સિવાય પણ વપરાશમાં લેવાતા COPમાં હવે પેવર બ્લોકની સુવિધાને માળખાકીય સુવિધા તરીકે ગણીને કામો કરી શકાશે. આમ, ચૂંટણી પહેલા શાસકોએ કાયદાકીય જાળ હળવી કરી ખાનગી સોસાયટીઓના વિકાસના દ્વાર ખોલી નાંખ્યા છે.

20 રૂપિયે કિલોના તડબૂચનો ભાવ હવે 50

■ ગરમીની શરુઆત થતાં જ ઠંડક પહોંચાડતા તડબૂચ માર્કેટમાં આવી જતાં હોય છે. ગયા વર્ષે તડબૂચનો ભાવ કિલોનો 20 રૂપિયા હતો જે આ વર્ષે 50 રૂપિયે કિલો વેચાઇ રહ્યું છે. (તસવીર : સતીષ જાદવ)

ઈનામ માટે વિદ્યાર્થીઓને નેતાઓએ કલાકોની રાહ જોવડાવી

વિદ્યાર્થીઓ 8 વાગ્યાના આવી ગયા હતા, પરંતુ નેતાઓ 10 વાગ્યા પછી આવ્યા અને ત્યારબાદ ભાષણબાજી પણ ચાલી

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં યોજાયેલા રમતોત્સવના ઈનામ વિતરણ સમારોહમાં વિદ્યાર્થીઓને સવારે 8 વાગ્યે હાજર રહેવા જણાવાયું હોવા છતાં મુખ્ય અતિથિઓ મોડા પહોંચતાં નાના વિદ્યાર્થીઓને કલાકો સુધી રાહ જોવી પડી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા 30 જાન્યુઆરીથી 20 ફેબ્રુઆરી સુધી વિવિધ રમતોના સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજાયા હતા. આ રમતોત્સવમાં કુલ 21,383 વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શુક્રવારે શહેરના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે વિજેતા વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સવારે 8 વાગ્યે પહોંચવા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે ઘણાં વિદ્યાર્થીઓ વહેલી સવારે સ્ટેડિયમ ખાતે હાજર થઈ ગયા હતા. પરંતુ કાર્યક્રમના મહેમાનો એવા રાજકીય નેતાઓ 10 વાગ્યા પછી આવ્યા હતા અને નેતાઓ મોડા પહોંચ્યા બાદ કાર્યક્રમમાં ભાષણબાજી લાંબા સમય સુધી ચાલતા વિદ્યાર્થીઓને વધુ સમય રાહ જોવી પડી હતી.

નાના વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી બેસી રહેતાં થાકેલા જોવા મળ્યા હતા. વાલીઓ અને કેટલાક શિક્ષકોમાં પણ આ મુદ્દે નારાજગી જોવા મળી હતી. વિદ્યાર્થીઓ માટે યોજાયેલા કાર્યક્રમમાં સમય પાલન ન થવાને કારણે આયોજન પર સવાલો ઊભા થયા છે.

ઠગાઇકેસમાં વિનુ માલવિયાની જામીનઅરજી ફગાવાઈ

સુરતઃ વેસુ ગામની જમીન ગેરકાયદે કબજે કરવા માટે જૂના સ્ટેમ્પ પેપરનો ઉપયોગ કરીને ખોટા સાટાખત બનાવ્યાનાં કેસમાં આરોપી વિનુ હરિભાઈ માલવિયાની જામીનઅરજી કોર્ટે ફગાવી દીધી છે. વેસુ પોલીસ દ્વારા આરોપી વિનુ હરિભાઈ માલવિયાએ જામીનઅરજી કરી હતી. જેની સામે સરકારી વકીલ મુંજાલ બ્રહ્મભટ્ટે દલીલ કરી હતી કે આરોપીએ જૂના સ્ટેમ્પ પેપરનો દુરૂપયોગ કરી વેસુ ગામની જમીન ગેરકાયદે કબજે કરવા માટે ષડયંત્ર રચ્યું હતું, ખોટા સટાખત બનાવ્યા હતા. એક જ સ્ટેમ્પ પેપર પર અલગ-અલગ તારીખો લખી દસ્તાવેજ બનાવ્યા છે. આરોપી સામે ઘણાં ક્રિમિનલ કેસો છે.

સંક્ષિપ્ત સમાચાર

BOB ઘરેલું બજારમાં ગ્રીન ઈન્ફ્રા બોન્ડમાં ભારતની પ્રથમ બેંક બની

મુંબઈઃ ભારતની આંતરરાષ્ટ્રીય બેંક, બેંક ઓફ બરોડાએ આજે જાહેરાત કરી કે તેણે સિરીઝ I લોંગ-ટર્મ ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ જારી કરીને સફળતાપૂર્વક 10,000 કરોડ એકત્ર કર્યા છે. આનાથી બેંક ઘરેલુ ગ્રીન બોન્ડ જારી કરનારી ભારતની પ્રથમ બેંક બની છે. આ ઇશ્યૂમાં રોકાણકારોની મજબૂત માંગ જોવા મળી, જેને 16,415 કરોડની બિડ મળી, જે 5,000 કરોડના બેઝ ઇશ્યૂ કદ કરતા ત્રણ ગણી વધારે છે. સાત વર્ષના બોન્ડ NSE ના EBP પર 5,000 કરોડના બેઝ ઇશ્યૂ અને 5,000 કરોડના ગ્રીન શૂ વિકલ્પ સાથે લિસ્ટેડ થયા હતા. બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. દેબદત્ત ચંદે જણાવ્યું હતું કે, ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડનું ઇશ્યૂ બેંક ઓફ બરોડા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને ભારતના સ્થાનિક ESG બોન્ડ બજાર માટે એક નિર્ણાયક ક્ષણ છે.

જીડી ગોયંકા સ્કૂલના વિદ્યાર્થીઓની જિલ્લા, રાજ્ય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતમાં સિદ્ધી

સુરતઃ જી. ડી. ગોયંકા આંતરરાષ્ટ્રીય શાળા,સુરત તાજેતરના શૈક્ષણિક સત્ર દરમિયાન ચેસમાં, યતી અગરવાલે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ગોધરા ખાતે યોજાયેલી SGFI રાજ્ય કક્ષાની ચેમ્પિયનશિપ (U-14 ગર્લ્સ)માં પ્રથમ સ્થાન મેળવ્યું અને રાષ્ટ્રીય કક્ષા માટે ક્વોલિફાય કર્યું. તેણીએ થાઈલેન્ડ ચેસ એસોસિએશન દ્વારા બેંગકોક ખાતે યોજાયેલી એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં ટીમ માટે સિલ્વર મેડલ જીત્યો. રોલર સ્કેટિંગમાં, અલાયના વાલા, ફૂશા મિત્તલ, દિક્ષીતા સંદીપ તિવારી, કાવ્યા નિલેશ પટેલ અને વિહાની કિશનભાઈ મારવાણિયાએ ઓપન જિલ્લા રોલર સ્કેટિંગ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ સહિત અનેક મેડલ્સ જીત્યા. બાસ્કેટબોલમાં, શાળાની ટીમોએ 3 on 3 બાસ્કેટબોલ ચેમ્પિયનશિપમાં અન્ડર-10 અને અન્ડર-14 વર્ગોમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. જ્યારે નવ્યા નીખિલ જૈને ખેલ મહાકુંભ ઝોનલ કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું. એથ્લેટિક્સમાં, મિશાયે નૈનેશ પ્રજાપતિ અને શનાયા સાગર સહનીએ જિલ્લા અને રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરીને શ્રેષ્ઠ સ્થાનો મેળવ્યા. ટેબલ ટેનિસમાં, વિવાન સુનિલ ધાંકાણીએ ખેલ મહાકુંભ ટેબલ ટેનિસ સ્પર્ધા (અન્ડર-11 બોયસ)માં દ્વિતીય સ્થાન મેળવી રાજ્ય કક્ષાએ માટે ક્વોલિફાય કર્યું હતું.

અદાણી ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આગોતરી ઉજવણી

સુરતઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આગોતરી ઉજવણી અંતર્ગત અદાણી ફાઉન્ડેશન, હજીરા દ્વારા ભટલાઈ અને આદિવાસી બહુલ ઉમરપાડા વિસ્તારમાં "આપો તો મેળવો" થીમ આધારિત કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૮૫૦થી વધુ મહિલોએ ભાગ લીધો હતો. ભટલાઈ ખાતેના મુખ્ય સમારોહમાં ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખ તૃપ્તિબેન પટેલ, અદાણી હજીરા પોર્ટના સીઓઓ પંકજ ઉકે, સુરત જિલ્લા પંચાયત કૃષિ અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ નિલેશભાઈ તડવી સહિત સરપંચો તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. ચોર્યાસીના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ પોતાના સંદેશમાં મહિલાઓને અભિનંદન પાઠવતા અદાણી ફાઉન્ડેશન દ્વારા મહિલા વિકાસ માટે કરાતા પ્રયત્નોની પ્રશંસા કરી હતી. અદાણી હજીરા પોર્ટના સીઓઓ પંકજ ઉકે જણાવ્યું કે, "મહિલાઓને યોગ્ય સન્માન, તક અને સહકાર મળે તો તેઓ પરિવારથી લઈને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ સુધી મહત્ત્વનું યોગદાન આપી શકે છે. કાર્યક્રમના અંતે અદાણી ફાઉન્ડેશનની CSR હેડ શીતલબેને આભાર વ્યક્ત કર્યો હતો.

વીર નર્મદ યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગમાં વિદાય સમારંભ યોજાયો

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ દ્વારા તા. ૨ માર્ચ, ૨૦૨૬ના રોજ અનુસ્નાતક ડિપ્લોમા, અનુસ્નાતક અને સ્નાતક અભ્યાસક્રમોના અંતિમ સત્રના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ એન. ચાવડા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં અધ્યાપક વિરેનભાઈ પારેખ અને પત્રકાર કિરીટભાઈ ત્રિવેદી પણ હાજર રહ્યા હતા. પ્રવચનો બાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. અંતે ભોજન સાથે કાર્યક્રમનું સમાપન થયું.

રચના કો-ઓપ. ક્રેડિટ સોસા.ની સ્થાપનાના 29 વર્ષ પુરા થયાની ઉજવણી કરાઈ

સુરતઃ સુરતની જાણીતી અને પ્રતિષ્ઠિત ધી રચના કો-ઓ. ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લિ. તેની સ્થાપનાના 29 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી 30માં વર્ષમાં ગૌરવભેર પ્રવેશ કરી રહી છે. આ ઐતિહાસિક અવસરની ઉજવણીના ભાગરૂપે સંસ્થા દ્વારા એક ભવ્ય કાર્યક્રમ 'ફાગણની ફોરમ..રચનાની સોડમ' અંતર્ગત *'ભવ્ય લોકડાયરા'* નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયર દક્ષેશ માવાણી તથા ધારાસભ્ય કુમાર કાનાણી, કાંતિ બલર, પ્રવિણ ઘોઘારી, વરાછા બેંકના ચેરમેન કાનજી ભાલાણા, જિલ્લા રજીસ્ટ્રાર હરેશ કાછડ હાજર રહ્યા હતા. પ્રમુખ રમેશ વઘાસિયાએ સંસ્થાની પારદર્શક વહીવટી પ્રક્રિયા અને 30 વર્ષની અતૂટ વિશ્વાસની સફરને બિરદાવી હતી. સંસ્થાના મંત્રી બાબુ જીરાવાળાએ જીરાગામના ખેડૂતોનું સહકારી મંડળીનું દેવું પોતે વ્યક્તિગત રીતે ભરપાઈ કર્યું તે બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભરત સતાસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

મધ્ય પૂર્વમાં યુદ્ધ જેવી સ્થિતિની અસર

દક્ષિણ ગુજરાતની ઈન્ડસ્ટ્રીને ગેસ પુરવઠાની ચિંતા

ભૂતકાળમાં ગેસના ભાવો સતત વધતા હોવાથી સુરતની 80% ડાઈંગ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી કોલસા પર શિફ્ટ થઈ ગઈ હતી

સુરતઃ મધ્ય પૂર્વમાં વધતી જતી તણાવભરી પરિસ્થિતિ અને યુદ્ધ જેવી સ્થિતિને પગલે વિશ્વના ઊર્જા બજારોમાં અનિશ્ચિતતા વધતી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ગેસ પર આધારિત ઔદ્યોગિક અને કોમર્શિયલ એકમો પણ સતર્ક બન્યા છે. હાલ તો ગેસ સપ્લાય પર કોઈ સીધી અસર દેખાઈ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતોમાં થનારા ફેરફારોને લઈને ઉદ્યોગોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સુરત વિસ્તારમાં અંદાજે 150 થી 200 જેટલા ઔદ્યોગિક એકમોને ગેસ કનેક્શન આપવામાં આવ્યું છે, જ્યારે કોમર્શિયલ શ્રેણીમાં લગભગ 9 હજારથી 10 હજાર જેટલા ગ્રાહકો ગેસ સપ્લાય સાથે જોડાયેલા છે. આમાં મોટાભાગે કેમિકલ,ફાર્મા, હોટેલ, રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રીનો સમાવેશ થાય છે. ભૂતકાળમાં ગેસના ભાવો સતત વધતા હોવાથી સુરતની 80% ડાઈંગ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી કોલસા પર શિફ્ટ થઈ ગઈ હતી.એને લીધે મોટાભાગની ટેક્સટાઈલ મિલો ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયાથી આયાત થતા કોલસા અને ગુજરાત મિનરલ્સ એન્ડ માઈન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC) ના કોલસાના ક્વોટા પર ચાલી રહી છે. ખૂબ જૂજ ટેક્સટાઈલ યુનિટ હવે ગેસ બેઝ ચાલી રહ્યાં છે.

54.94 કરોડને બદલે 22.84 કરોડ રૂપિયા જ લેવાનો પાલિકાનો નિર્ણય

એમ્યુઝમેન્ટ પાર્કને 32 કરોડની રાહત

મનપાની સ્થાયી સમિતિમાં નિર્ણય લેવામાં આવ્યો, 10 કરોડ રોકડા આપવાના રહેશે

બાકીના 12 કરોડ માટે તો હપ્તા કરી આપવામાં આવ્યા, લીઝની મુદત પણ 8 વર્ષ લંબાવી અપાઈ

સુરતઃ મગોબ ખાતે પીપીપી ધોરણે હાઈટેક એમ્યુઝમેન્ટ/એન્ટરટેઈમેન્ટ પાર્ક વિકસાવવા માટે 45 વર્ષનો ઈજારો મેળવનાર રાજગ્રીન એમ્યુઝમેન્ટ પ્રા. લિ.ને મનપાનાં બાકી લેણાં પેટે ઓગસ્ટ-2025 સુધીની 54.94 કરોડ રૂપિયાની વસૂલાતના મામલે સ્થાયી સમિતિએ માત્ર 22.84 કરોડ રૂપિયા જ વસૂલવાનો નિર્ણય કર્યો છે.

આ મામલે મનપાના મિડિએટરનો અભિપ્રાય અને પીઆઈ સેલની ટિપ્પણી સાથે દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જેમાં ત્રણ વિકલ્પ મુકાયા હતા. સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલના જણાવ્યા મુજબ ડેવલપર દ્વારા તબક્કાવાર પ્રોજેક્ટ ડેવલપ કરાયો હોવાથી મિડિએટરના અભિપ્રાય મુજબ પ્રો-રેટા આધારે એન્યુઅલ ફી, ભાડું, વ્યાજ અને પેનલ્ટીની ગણતરી કરી વિકલ્પ-2 મુજબ 22.84 કરોડ રૂપિયાની વસૂલાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડેવલપરને આ રકમ ચૂકવવા માટે પણ અનુકૂળ શરતો આપવામાં આવી છે. એક મહિનામાં 10 કરોડ રૂપિયા જમા કરાવવા પડશે, જ્યારે બાકી રકમ ત્રણ મહિનાના ચાર હપ્તામાં ચૂકવવાની રહેશે. જો કે, આજની સ્થિતિએ વ્યાજ સહિત આ રકમમાં વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ વર્ષો સુધી મનપાની આવક અટકાવી રાખનાર ડેવલપરને મોટી રાહત આપવામાં આવી છે, તો બીજી તરફ 45 વર્ષની લીઝની મુદત પણ વધુ 8 વર્ષ માટે લંબાવી આપવાની મંજૂરી આપવામાં આવી છે. એટલું જ નહીં, એક મહિનામાં 10 કરોડ રૂપિયાની ચૂકવણી કર્યા બાદ ડેવલપરને પ્રોજેક્ટ અન્ય એજન્સીને સબલીઝ કરવા મંજૂરી આપવાનો નિર્ણય પણ લેવાયો છે.

મગોબ એમ્યુઝમેન્ટ પાર્ક મામલે ઇજારદારને રાહત નહીં, બ્લેકલિસ્ટ કરો : વિપક્ષની માંગ

વિપક્ષ નેતા પાયલ સાકરિયાના જણાવ્યા મુજબ વર્ષ 2012માં સ્થાયી સમિતિના ઠરાવથી રાજગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. સુરત અને કેશવ હોલીડે રિસોર્ટ પ્રા.લિ. મહેસાણાના કોન્સોર્ટિયમને એમ્યુઝમેન્ટ પાર્ક ડેવલપ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ ઇજારદાર દ્વારા કરારની શરતોનું સતત ઉલ્લંઘન કરવામાં આવ્યું છે તેમજ નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ ડેવલપ કરવામાં આવ્યો નથી. સાથે જ મનપાને ચૂકવવાપાત્ર રકમો અને પેનલ્ટીની ચૂકવણી પણ નિયમિત કરવામાં આવી નથી. પાયલ સાકરિયાએ જણાવ્યું કે ભાજપ શાસકો પોતાની વહીવટી નિષ્ફળતા છૂપાવવા અને ઇજારદારને કરોડોની રાહતો આપવા મેળાપીપણા દ્વારા મનપાના હિતો સાથે સમાધાન કરી રહ્યા છે.